ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

હવે શહેરમાં પણ 'રેડ ડૉટ કેમ્પેઈન'ને સારો પ્રતિસાદ

દેશના વિવિધ શહેરોમાં પ્રચલિત બનેલ 'રેડ ડૉટ કેમ્પેઈન'નો ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. હાર્દિક તલાટીએ શહેરમાં પ્રારંભ કરાવ્યો : મોના કનોડિયા તથા મમતા ભાવસાર જેવી અભિનેત્રીઓ સહિત અગ્રણી મહિલાઓ જોડાઈ રહી છે : સેનેટરી પેડ તથા ડાયપરના યોગ્ય નિકાલ થકી આરોગ્ય અને પર્યાવરણ માટે અભિયાન મહત્વનું

ગાંધીનગર, તા.૨૧

દેશના કેટલાંક શહેરોમાં પ્રચલિત બનેલ 'રેડ ડૉટ કેમ્પેઈન'નો હવે ગાંધીનગરમાં પણ પ્રારંભ થઈ ચુકયો છે અને આ કેમ્પેઈનને પાટનગરમાં સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. શહેરના ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. હાર્દિક તલાટીએ ગત તા. ૧૩મી જાન્યુઆરીના રોજ આ મુહિમની શરૂઆત કરી છે જેમાં શહેરની અગ્રણી મહિલાઓ જોડાઈને પોતાના વિડીયો તથા સેલ્ફી અપલોડ કરી રહ્યા છે જે સોશ્યલ મિડીયા પર 'રેડ ડૉટ કેમ્પેઈન- ગાંધીનગર' થી ઓળખાઈ રહ્યું છે.

એક તરફ શહેરમાં સ્વચ્છતા બાબતે નાગરિકો જાગૃત થઈ રહ્યા છે તે સાથે અનેક નાગરિકો પર્યાવરણના જતન માટે પણ ગંભીર બન્યા છે. 'રેડ ડૉટ કેમ્પેઈન' આ બંને બાબતે સાંકળી લેવા સાથે આરોગ્ય વિષયક મુહિમ પણ બની રહી છે. આ કેમ્પેઈનમાં સેનેટરી પેડ કે ડાયપરનો ઉપયોગ કર્યા પછી તેના યોગ્ય નિકાલ માટે નિયમિત કચરાથી અલગ રાખવા જરૂરી હોય છે જેથી કેમ્પેઈનમાં સેનેટરી પેડ કે ડાયપરને નિકાલ વખતે એક કાગળમાં લપેટીને તેની ઉપર લાલ રંગનો ચાંદલો કે ખાસ ટપકાંનું નિશાન કરવામાં આવે છે. આ નિશાન ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન કરતા સફાઈ કર્મચારી હોય કે જાહેર ડસ્ટબીનમાંથી વેસ્ટ કલેકશન થતું હોય ત્યારે તે સફાઈ કર્મીને લાલ ટપકું જોઈને ખબર પડી જાય છે કે તેને અન્ય ઘન કચરાથી અલગ રાખવાનું છે. ડાયપરનો સફાઈ તંત્ર દ્વારા માપદંડો અનુસાર તેનો નાશ

આ વપરાયેલ સેનટેરી પેડ કે અલગ રીતે પ્રક્રિયા કરીને નિયત કરવામાં આવે છે.

ગાંધીનગરમાં સોશ્યલ મિડીયા પર શરૂ થયેલા 'રેડ ડૉટ કેમ્પેઈન'માં જાણીતા ગુજરાતી ચલચિત્ર અભિનેત્રી મોના કનોડીયા (થીબા) ઉપરાંત અન્ય મહિલાઓએ પણ તેમના વિડીયોઝ અને સેલ્ફી અપલોડ કર્યા છે. આ મહિલાઓમાં મમતા ભાવસાર, અનિતા પરમાર, ડૉ. ક્ષિતિજા સિંઘ, નમિતા તિવારી, ડૉ. સુનિતા લીલાની, તર્જની વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લાં કેટલાંક સમયથી યુવતીઓ અને મહિલાઓમાં સેનેટરી પેડની તેમજ મોટી વયના વડીલોમાં શારિરીક તકલીફમાં ડાયપરના ઉપયોગ અંગે જાગૃતિ વધવા સાથે વપરાશ વધ્યો છે અને તે સાથે જ તેના યોગ્ય નિકાલની સમસ્યા પણ દિન પ્રતિદિન મોટી થતી જઈ રહી છે જે પર્યાવરણ ઉપરાંત જાહેર આરોગ્ય માટે પણ જોખમી બની શકે છે. આ કારણથી 'રેડ ડૉટ કેમ્પેઈન' એક ઉપયોગી અભિયાન સાબિત થઈ રહ્યું છે.

'રેડ ડોટ કેમ્પેઈન'નું શું મહત્વ છે?

કિશોર વયની યુવતિથી માંડીને વયસ્ક મહિલાઓ તેમના માસિક ચક દીઠ સરેરાશ આઠ સેનેટરી નેપકિન્સનો ઉપયોગ કરે છે. જે સરવાળે દેશભરમાં ૧૦ લાખની સંખ્યાએ પહોંચે છે. એકલા ભારતમાં વર્ષે ૧૨ અબજ જેટલાં સેનેટરી પેડસનું ઉત્પાદન અને નિકાલ થાય છે. સેનેટરી પેડમાં વપરાતું પ્લાસ્ટિક નોન-બાયોડિગ્રેડેબલ હોવાથી તે વર્ષો સુધી જમીનમાં પડી રહે છે જેથી જાહેર આરોગ્ય અને પર્યાવરણ બંને માટે જોખમી બને છે. આ કારણથી તેનો નિયત માપદંડો અનુસાર નાશ કરવો જરૂરી હોય છે. સેનેટરી પેડસ કે ડાયપર સામાન્ય કચરા સાથે ભળી જાય તે શકય બનતું નથી તેથી તેને અલગ તારવીને રાખવું જરૂરી બને છે જે તેને લપેટેલા કાગળ પરના 'રેડ ડોટ કેમ્પેઈન'થી આસાનીથી શકય બને છે.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા કોવિડ-૧૯ની રસી આવવાની ખુશીમાં ડાબલા ઉજાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોરોનાની બીમારી ફેલાવવાના લાભ અને નુકશાન વિશે સ્પર્ધા કરી ચર્ચા સાથે ગેમ રમાડવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન સાથે સંસ્થાની સમગ્ર બહેનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

પ્રજાસત્તાક દિને ગાંધીનગરના યુવાનો કરશે રક્તદાન

સેક્ટર-૧૨માં શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સૌજન્યથી હેપ્પી યુથ ક્લબ દ્વારા વી કેર ફાઉન્ડેશના સંયુક્ત ઉપક્રમે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સૌજન્યથી હેપ્પી યુથ ક્લબ દ્વારા વી કેર ફાઉન્ડેશના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિર શહેરના સેક્ટર-૧૨ ખાતે ઉમિયા માતાજી મંદિર સંકુલમાં ઉમા સમાજ ભવન ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન યોજાશે જેમાં યુવાનો દેશના વીર શહીદ જવાનોને સલામી અર્પણ કરવાના ઉદ્દેશ સાથે રક્તદાનનું સેવાકાર્ય હાથ ધરશે.

"હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ કોરોના કાળને અનુલક્ષીને ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં આકસ્મિક સંજોગોના સમયે રક્તની માંગને પહોચી વળવા એકત્ર કરવામાં આવતા રક્તના પુરવઠામાં યોગદાન આપવાનો છે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પીટલની બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્તદાન કરનાર રક્તદાતાઓને સર્ટીફીકેટ તથા આકર્ષક શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. આ રક્તદાન શિબિરમાં વધુમાં વધુ યુવાનોએ જોડાઈ પ્રજાસત્તાક પર્વના શુભ દિને રાષ્ટ્રસેવાના ભાગરૂપે શક્ય હોય તેટલા વધુ યુનિટ રક્તદાન કરવા તેમજ કરાવવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલી દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમ, મગોડી, તા.જી. ગાંધીનગરના વૃધ્ધાશ્રમના ૫૫ જેટલા દાદા દાદીને બી.એમ. પટેલના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે મિષ્ટાન્ન સાથેનું ભોજન પીરસાયું હતું. જેમાં બ્રાંચ પ્રમુખ બી.એમ. પટેલ, ઉ.પ્ર. સાંકાભાઈ પટેલ, મેઈન ગ્રુપના પૂ. વસંતભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ તથા સાહેલી ગ્રુપના પૂર્વ પ્રમુખ મનીષા પટેલ, પારૂલ પટેલ તથા વંદના પટેલે હાજરી આપી સુંદર સેવાકીય પ્રવૃત્તિ કરી હતી.

ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા સવિશેષ છે. ઘણા વૃક્ષો શહેર બન્યું ત્યારથી અડીખમ ઉભા છે. આયુષ્ય પૂર્ણ કરી ચુકેલા વૃક્ષોનો જો સમયસર નિકાલ કરવામાં ન આવે તો તે જોખમરૂપ બની રહે છે. વનવિભાગ દ્વારા સમયાંતરે આ કાર્ય હાથ ધરવામાં આવે જ છે. ઉદ્યોગભવન પાસે ઉભેલું સુકું વૃક્ષ અચાનક જ પડી ગયું હતું અને નજીકમાં જ પડેલી કારને સામાન્ય નુકશાન થયું હતું.

કુડાસણમાં લાંબા સમયથી ફુટપાથ પર પડી રહેલી વાન ચર્ચાનો વિષય

ગાંધીનગર હવે ઝડપથી મહાનગરની જેમ વિકસી રહ્યું છે જેના પગલે શહેરમાં કેટલીકવાર નાની મોટી બાબતો તંત્રના ધ્યાને આવતા રહી પણ જતી હોય છે. શહેરમાં સમાવિષ્ટ કુડાસણ વિસ્તારમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ તથા રાધે આર્કેડ તરફના સર્વિસ રોડ પર ફુટપાથ પર પડી રહેલી એક વાન લાંબા સમયથી બિનવારસી હાલતમાં હોય તે રીતે ફુટપાથ પર જોવા મળી રહી છે. કેટલાંક વસાહતીઓના જણાવ્યા અનુસાર આ વાન આશરે લોકડાઉન શરૂ થયું તે સમયથી આ રીતે ફુટપાથ પર પાર્ક કરેલી જોવા મળી રહી છે જે અડચણરૂપ તો છે જ પરંતુ આટલા લાંબા સમયથી પડી રહી હોવાથી તપાસનો વિષય પણ જણાય છે. જીજે-૧૬-સીએચ ૯૦૫૭ નંબરની આ વાન પર 'પી.પી. સવાણી કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ સ્કૂલ' એવું લખેલું છે.

શહેરના કૂતરાંઓને ગળ્યા બિસ્કિટ ન ખવડાવવા અપીલ

ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા શહેરીજનોને અપીલ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં દરેક કયાંકને કયાંક નાની મોટી સેવા પશુ-પક્ષીઓ માટે કરતા રહે છે. ઘણાના ઘરે નિયમ હોય છે કે, જમવાનું બને તેને જમતા પહેલા જ ગાય-કૂતરા માટે સાઈડમાં મુકાય. પરંતુ ઘણા શહેરીજનો કૂતરાંને દૂધ-બિસ્કીટ ખવડાવીને તેમનું પેટ ભરતા હોય છે અને ગાયને પણ પ્લાસ્ટિકની કોથળીમાં ખાવાનું આપતા હોય છે જેને પરિણામે ગાયને પેટમાં તકલીફ પડે છે અને બિસ્કીટ ખાવાથી શહેરના કૂતરાંઓને નાના-મોટા રોગ થાય છે. બિસ્કીટ ખાવાથી કૂતરાંઓના પેટ જરૂરથી ભરાય છે પરંતુ આ બિસ્કીટને કારણે કૂતરાંઓ કેટલીક જાન લેવા બિમારીનો ભોગ બને છે.

શહેરમાં પશુઓ અને ખાસ કરીને કૂતરાંઓ માટે નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે બજારમાં મળતા વિવિધ પ્રકારના ગળ્યા બિસ્કિટ ખાવાથી કૂતરાની ભૂખ તો શાંત થઈ જાય છે પણ

સાથે કૂતરાં જાન લેવા બીમારીનો ભોગ બને છે અને આ બિમારીમાં ખાસ અંધાપો કે ડાયાબિટીસ જેવા જીવલેણ રોગ થાય છે અને આ રોગને કારણે કૂતરાંઓ ખૂબ જ હેરાન થાય છે અને જીવલેણ બિમારીનો ભોગ બને છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગે કૂતરા કે અન્ય પશુને રોટલી કે રોટલા ખવડાવવામાં આવતા હોય છે એટલે ત્યાં પશુઓમાં રોગનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પરંતુ શહેરી વિસ્તારમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. અમારા ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા આવા પશુઓ માટે બીડું ઝડપવામાં આવ્યું છે અને તેમનેદૂધ સાથે સાત્વિક ખોરાક અને ચામડી માટે દવા આપીએ છીએ તેથી તેમને વેદના ઓછી થાય અને જલ્દી સાજુ થાય. જેમ દરેક માણસને પૌષ્ટિક આહારની જરૂર પડે છે તેમ પશુઓને પણ સારા ખોરાકની જરૂર પડે છે. અમારી સંસ્થા દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવ છે કે પશુઓને સાચી રીતે ખવડાવવું જ હોય તો રોટલા રોટલી કે એવા બિસ્કિટ આપો કે જે ગળ્યા ન હોય તળેલા ન હોય. એટલે કે તે ભૂખ્યું પણ નહિ રહે અને તમારી સેવાનો હેતુ પણ સિધ્ધ થશે અને કયારેય પણ જરૂર લાગે તો ધ ગોડસ ગિફ્ટ ફાઉન્ડેશનનો સંપર્ક ૮૬૧૯૩૧૬૫૬૯ પર જરૂરથી કરવો.

રીક્ષામાં મુસાફરને બેસાડી ગઠીયા ૧૬ હજારનો મોબાઈલ સેરવી ગયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. જિલ્લા પંચાયત થી બેસાડેલા વૃધ્ધને ચ-૬ પાસે ઉતારી દીધા હતા. વૃધ્ધને શંકા જતા પોતાનો થેલો ચેક કરતા એમઆઈ કંપનીનો રૂ.૧૬ હજારનો મોબાઈલ ચોરી થઈ ગયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે વૃધ્ધએ અરજી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ તા.૧૯ ના રોજ જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ પાસે વૃદ્ધ ઉભા રહ્યા હતા. તે સમયે ચ-૩ તરફથી એક રીક્ષા આવી હતી જેમાં ચાર મુસાફરો પહેલા થી જ બેઠા હતા. રીક્ષા ચાલકે વૃધ્ધને કયાં જવુ છે પુછતા તેમણે મુબારકપુર જવાનું કહ્યું હતું. જેથી ચાલકે બેસી જાવ કહ્યું હતું. જેથી સાંકળી જગ્યામાં વડીલ પોતાના થેલા સાથે બેસી ગયા હતા. જેમાં એક મુસાફરે મારે આગળના બસ સ્ટેન્ડ પાસે ઉતરવાનું કહ્યું હતું. જયારે એક વ્યક્તિએ કાકા થેલો પાછળ મુકી દો સંકળાશ પડે છે. જેથી વડીલે થેલો પાછળ મુકી દીધો હતો. ચ-૫ નજીક રીક્ષા ઉભી રાખીને ચાલકે વડીલ પાસે ભાડાના રૂપીયાની માંગણી કરી હતી. જેથી વૃધ્ધએ ઉતરવાનું આવશે એટલે આપીશ તેમ કહીને પાકીટ નીકાળીને જોયું હતું પણ છુટ્ટા પૈસા ન હોવાથી પાકીટ મુકી દીધુ હતું. રીક્ષા ચ-૬ પહેલા રીક્ષા ઉભી રાખીને ચાલકે વૃધ્ધને કહ્યું કે આગળ પોલીસ ઉભી છે એટલે વધુ મુસાફરો હશે તો રીક્ષા ઉભી રાખશે. હું આ ભાઈને ઉતારીને આવું છુ તમે અહી ઉભા રહો. વડીલ રીક્ષામાંથી નીચે ઉતરી ગયા હતા અને ઉભા રહ્યા હતા. જયારે ચાલકે રીક્ષા પુરઝડપે મારી મુકી હતી. વડીલને શંકા જતા થેલો ચેક કરતા તેમાં રહેલો તેઓનો એમઆઈ કંપનીનો રૂ.૧૬ હજારનો ફોન ગાયબ થઈ ગયો હતો. વૃધ્ધને રીક્ષા નં.જી.જે.૨૭ પાર્સિંગની અને ચાર જણા ૩૦ થી ૩૫ ની ઉંમરના હતા. જયારે આ વ્યકિતઓ કપડાની ફેરી કરતા હોય તેમ લાગી રહ્યું હતું. જયારે બનાવ અંગે વૃધ્ધાએ સેકટર-૨૧ પોલીસ મથકે અરજી આપી છે.

ચિરવિદાય

● રુદ્રભૂમિ અંતિમધામ ●

● સ્વ. રંજનબેન વિક્રમસિંહ ચૌહાણ, ઉ.વ. ૬૭, સેકટર-૨, ગાંધીનગર

ભારત વિશ્વનો સૌથી મોટો ગણતંત્ર દેશ છે. વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ ધરાવવાનું ગૌરવ આપણે ધરાવીએ છીએ. બંધારણના ઘડવૈયાઓએ ખૂબ જ મહેનત અને દિર્ઘ દૃષ્ટિપૂર્ણ આયોજન કરી આપણું બંધારણ ઘડયું છે. એટલે જ તો આટલા વર્ષો પછી પણ આપણા દેશનો નાનામાં નાનો નાગરિક ભારતીય હોવાનું ગૌરવ કરી શકે છે. આઝાદી બાદ બંધારણનો અમલ થયો તે દિવસથી દર ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવે છે. પ્રજાસત્તાક પર્વ નજીકમાં છે ત્યારે દેશભકિતનો રંગ ફરીથી ગહેરો બની રહ્યો છે. તે વાતની સાબિતી રોડ પર ત્રિરંગો વેચી રહેલા ફેરીયાઓને જોઈને લાગી રહ્યું છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળ ખાતે હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી ગાંધીનગર ખાતે પી.ઓ. ધુવાના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૨૧ની સામાન્ય સભા મળી હતી. જેમાં પ્રમુખ તરીકે વિજયસિંહ વાઘેલા, મંત્રી દોલતસિંહ ચુડાસમા, ઉપપ્રમુખ રાજુભાઈ ઠકકર અને ફાલ્ગુનીબેન જાદવ, સહમંત્રી પ્રવિણસિંહ ચૌહાણ, ભાર્ગવ વી. રાવલ, સંગઠન મંત્રી દિપક આર. પ્રજાપતિ, ખજાનચી જીતેન્દ્ર જી. કલાલ, ઓડીટર રાજેન્દ્ર ડી. પાટીલ, સલાહકાર પરબતભાઈ ધુવા અને જયંતિભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી.